# EDIIએ યંગસ્ટર્સના સ્ટાર્ટઅપને બેંક સાથે મળીને 50 લાખનું ફંડિંગ અપાવ્યું

## બેસ્ટ સ્ટાર્ટઅપમાંથી શોર્ટ લિસ્ટ થયેલા સ્ટાર્ટઅપને આ ફંડિંગ અપાયું



• બેંકના અધિકારીઓ, ઈડીઆઈઆઈના ડિરેક્ટરની હાજરીમાં ગ્રીન આઈડિયોલોજી સ્ટાર્ટઅપના સ્થાપક અભિષેક લોઢા અને અન્ય નિફ્ટના ભૂતપૂર્વ સ્ટુડન્ટ્સ નીરજા લાખાણીને 50 લાખનો ચેક બેંક દ્વારા અપાયો હતો.

સિટી રિપોર્ટર @ahm_cb

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા સ્ટાર્ટઅપને સપોર્ટ કરવા માટે ક્રેડલની સ્થાપના કરાઈ હતી. જેના અંતગર્ત વાઈબ્રન્ટ ગુજરાત 2017 સમિટમાં ગુજરાતના શ્રેષ્ઠ સ્ટાર્ટઅપની બુકલેટ બહાર પડાઈ હતી.

આ બુકલેટમાંથી સપોર્ટેડ સ્ટાર્ટ-અપ ગ્રીન આઈડિયોલોજીને યસ બેંક પાસેથી 50 લાખનું સ્ટાર્ટઅપ માટે ફંડિંગ અપાવ્યું છે. બેંકના અધિકારીઓએ, ઈડીઆઈઆઈના ડિરેક્ટરની હાજરીમાં ગ્રીન આઈડિયોલોજી સ્ટાર્ટઅપના સ્થાપક અભિષેક લોઢા અને અન્ય નિફ્ટના ભૂતપૂર્વ સ્ટુડન્ટ્ નીરજા લાખાણીને 50 લાખનો ચેક બેંક દ્વારા અપાયો હતો. આ અંગે ઈડીઆઈઆઈના ડિરેક્ટરે કહ્યું કે, ‘યંગસ્ટર્સ પાસે ઘણા બધા ન્યુ સ્ટાર્ટઅપના ક્રિએટિવ આઈડિયા હોય છે,પણ ફંડિંગના અભાવે તેઓ સફળ અથવા શરૂ થતા નથી. જેના માટે ઈડીઆઈઆઈએ આગળ આવીને ગુજરાતના બેસ્ટ સ્ટાર્ટમાંથી સૌ પ્રથમ એક સ્ટાર્ટઅપને પસંદ કરીને પ્રાઈવેટ બેંક પાસેથી 50 લાખનું ફડિંગ અપાવ્યુ છે .જેના દ્વારા આ સ્ટાર્ટઅપને વિકાસ કરવા માટે આર્થિક સપોર્ટ મળશે.’